ટોચ અગ્રતા/અગત્યનું/આરટીઆઈ સંદર્ભ

ફા.ક્ર: આરટીઆઈ/૧૦૨૦૦૮૧/(૧)/લ

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.30/૧૨/૨૦૨૦.

પ્રતિ,

સર્વે મુ.ઈ. અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે અ.ઈ.શ્રી/ખાતાના વડાશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

વિષય : જાહેર સત્તામંડળ દ્વારા પ્રોએક્ટીવ ડિસ્ક્લોઝરની માહિતી સમયસર મોકલવા બાબત

સંદર્ભ : સા.વ.વિ.નો તા.૧૫/૧૨/૨૦૨૦નો અ.સ.પત્ર ક્રમાંક: પીએડી-૧૦૨૦૨૦૩૪૬-આર.ટી.આઈ.સેલ

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વેના પત્રમાં જણાવ્યાનુસાર કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. ઉક્ત પત્રમાં જણાવ્યાનુસાર માર્ગ અને મકાન વિભાગ હસ્તકના જાહેર માહિતી અધિકારીશ્રીને તેમના હસ્તકની કચેરીનાં પ્રોએક્ટીવ ડિસ્ક્લોઝર દિન-૭માં પુર્ણ કરી અત્રે જાણ કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

સમય મર્યાદામાં ઉક્ત કાર્યવાહી ન થવા અંગેની સંપૂર્ણ જવાબદારી આપની તથા નિયંત્રણ હેઠળના સબંધિત PIOની રહેશે. વધુમાં તમામ મુખ્ય ઈજનેરશ્રીઓને તેઓના નિયંત્રણ હેઠળના અધિકારીશ્રીઓને સૂચવા આપવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

(વી.એ.જોષી)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાના:

સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

WMS Notice 8148

૫૮૭

અગત્યનું/સમયમર્યાદા

સત્યમેવ જયતે

માર્ગ અને મકાન વિભાગ
નોંધણી નંબર........................
23 DEC 2020
૧૫-૪૦૨
શાખા........................

અ.સ પત્ર ક્રમાંકપીએડી-૧૦૨૦૨૦-૩૪૬-આર.ટી.આઇ સેલ

General Administration Department
Government of Gujarat
Block No.7, 1st Floor,
Gandhinagar – 382010, Gujarat,

15 DEC 2020

રાજેન્દ્રસિંહ રાઠોડ
નાયબ સચિવ

સ્નેહીશ્રી, જોષી સાહેબ,

સામાન્ય વહિવટ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક: પીએડી /૧૦૨૦૦૬/ ૩૩૫૩૬૪/ આર.ટી.આઇ.સેલ તેમજ તા-૦૯/૦૫/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક: મહત-૧૦૨૦૧૫-૨૦૧-આર.ટી.આઇ.સેલની સૂચનાઓ અનુસાર સચિવાલયના તમામ વિભાગોએ માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ ૪(૧)(ખ) હેઠળ જાહેર કરવાનું થતું પ્રોએકટીવ ડીસ્કલોઝર દર વર્ષે તા. ૧ લી મે ની સ્થિતિએ અદ્યતન કરવાનું રહે છે અને તે અંગે તા. ૦૧/૦૫/૨૦૦૯ ના પરિપત્રથી નિયત થયેલ નમુના (એનેક્ષર-બી) મુજબનું પ્રમાણપત્ર તા. ૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં સામાન્ય વહિવટ વિભાગ/આર.ટી.આઇ.સેલને મોકલી આપવાનું રહે છે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૨.૦૬.૨૦૨૦ના પત્ર તેમજ તા.૨૧.૦૭.૨૦૨૦ ,તા.૨૫.૦૮.૨૦૨૦ , તા.૧૨.૧૦.૨૦૨૦ અને તા.૨૫.૧૧.૨૦૨૦ના સ્મૃતિપત્રોથી પણ આપના વિભાગનું પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર અદ્યતન કર્યા અંગેનું જરૂરી પ્રમાણપત્ર સત્વરે મોકલી આપવા વિનંતી કરવામાં આવેલ, તેમ છતાં તે મળેલ નથી.

(૩) આપના વિભાગનુ પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર અદ્યતન કર્યા અંગેનું પ્રમાણપત્ર આ પત્ર મળ્યેથી દિન-૫ માં મોકલી આપવાનો પ્રંબધ કરશો તો આપનો આભારી થઈશ.

(૪) વધુમાં, સચિવાલયના વહિવટી વિભાગોએ, તેમના નિયંત્રણ નીચેના ખાતાના વડા અને બોર્ડ કોર્પોરેશનનું પ્રોએકટીવ ડીસ્કલોઝર તા.૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં અદ્યતન કર્યા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષની ૧૫ મી જુલાઇ સુધીમાં સચિવાલયના વહીવટી વિભાગને મોકલી આપવાનું રહે છે, તથા સચિવાલયના વહીવટી વિભાગોએ આ મુજબનું પ્રમાણપત્ર દર વર્ષે ૧૫ મી જુલાઇ સુધીમાં તેઓને મળી જાય તે સુનિશ્ચિત કરવાનુ રહે છે. આથી તે મુજબની જરૂરી કાર્યવાહી પુર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અને આપના વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓને જરૂરી સુચના આપવા વિનંતી છે.

કુશળ હશો.

આપનો

(રાજેન્દ્રસિંહ રાઠોડ)

પ્રતિ,
શ્રી વી.એ.જોષી,
નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

૧૨/૫
૨૮/૧૨/૨૦૨૦

૨૮/૧૨

શ્રી હિરેનભાઈ
૨૯/૧૨/૨૦૨૦